ગાંધીનગર સમાચાર

જુના સચિવાલયમાંથી કોમ્પ્યુટર ચોરીની ફરીયાદો યથાવત

# શહેરનું મુકિતધામ દુર્ગંધથી ઘેરાયું

ગાંધીનગર, તા.૧૫

ગાંધીનગર શહેરના મુકિતધામની આસપાસ અસહ્ય દુર્ગંધ મારે છે. રમણીય મુકિતધામ ગંદકીથી ઘેરાયું છે. પોતાના સ્વજનના અંતિમસંસ્કાર માટે આવેલા ડાઘુઓ મુકિતધામની દુર્ગંધની ત્રાહીમામ પોંકારી ઉઠે છે. મુકિતધામને અડીને આવેલી ડમ્પીંગ સાઈટને પરિણામે આ પરિસ્થિતનું નિર્માણ થવા પામ્યું છે. ડમ્પીંગ સાઈટની ગંદકીને પગલે ફેલાતી દુર્ગંધને કારણે અંત્યેષ્ઠી માટે આવતા પરિજનો ચિંતિત બન્યા છે. સ્વજનના અંતિમ સંસ્કાર ત્યાં સુધી મુકિતધામમાં બેસી રહેવું પણ પરિવાર જનો માટે કઠીન બની રહ્યું છે. આ વિસ્તારમાં અસહ્ય દુર્ગંધને કારણે મુકિતધામના માર્ગેથી પેથાપુર જીઈબી જવાનું પણ નગરજનો ટાળી રહ્યા છે. તંત્ર દ્વારા મુકિતધામને દુર્ગંધથી મુક્ત કરવામાં આવે તેવું મૃતકના સ્વજનો ઈચ્છી રહ્યા છે.

ગાંધીનગરનું મુકિતધામ અંત્યંત રમણીય અંતિમધામ છે. જયાં ગાંધીનગર ઉપરાંત આસપાસના ગામોમા પણ પોતાના સ્વજનોના અંતિમ સંસ્કાર માટે પસંદીનું સ્થાન પામ્યું છે. જુ.સિ.કા.દ્વારા મુકિતધામમાં અપાતી સેવાઓ તથા સવલતોના કારણે અહીં પોતાના સજનની અંતિમક્રિયા માટે પસંદગી કરવામાં આવે છે. જુ.સી.કા દ્વારા નયનરમ્ય બગીચાનો વિકાસ કરવામાં આવ્યો છે. વિવિધ દેવી-દેવતા તેમજ સંતોની પ્રતિમા સ્થાપન કરવામાં આવ્યું છે. આ કારણે મુકિતધામ માત્ર અંતિમક્રિયા માટેનું સ્થળ ન બની રહેતા નગરજનો માટે એક જોવા લાયક સ્થળ પણ બન્યું છે. ગાંધીનગર શહેરનું મુકિતધામ લાખો રુપીયાના ખર્ચે તૈયાર કરવામાં આવ્યું છે. શેહરના અત્યંત આધુનિક મુકિતધામમાં પોતાના સ્વજનની અંત્યેષ્ઠી માટે દુરદુરથી લોકો આવે છે. ત્યારે આ મુકિતધામની સુંદરતાને જાણે કોઈની નજર લાગી હોય તેમ લાગી રહ્યું છે. મુકિતધામ રમણીય વિસ્તારમાંથી દુર્ગંધ વિસ્તારમાં ફેરવાઈ ગયું છે. અંતિમધામને અડીને શહેરની ડમ્પીંગ સાઈટ તંત્રએ બનાવતા રોજનો હજ્જારો ટન કચરો અહીં ઠલવાય છે. સાબરમતિ નદીના કોતરોમાં ૨૦ ફુટ જેટલું કચરાનું પુરાણ થયું છે. આટલી મોટીસંખ્યામાં ઠલવાતા કચરાને કારણે મુકિતધામમાં દુર્ગંધ મારે છે. પશુ-પક્ષીના મૃતદેહો મુકિતધામને અડીને આવેલા ખાડામાં તંત્રના કર્મચારીઓ છુટ્ટા નાંખી દે છે તેમજ તેમની ભુલ કોઈ જોઈ ન જાય તે માટે ઉપર કચરો ઠાલવી દે છે. આ પરિસ્થિતને પગલે શહેરનું મુકિતધામ દુર્ગંધ વિસ્તારમાં ફેરવાઈ ગયું છે. શહેરના મુકિતધામે એક આગવી ઓળખ ઉભી કરી છે. ત્યારે જો આ પરિસ્થિત રહેશે તો અંતિમ સંસ્કાર માટે નગરજનોને અન્યત્ર જવાની જરુર પડે તો નવાઈ નહીં.





(તસવીર : કશ્યપ નિમાવત)

## @ગાંધીનગર

● સે-૧૫, વસાહત મંડળ દ્વારા મહાકાળી મંદિરની ૧૭મી વર્ષગાંઠની ઉજવણીનો કાર્યક્રમ સવારે ૮.૩૦ કલાકેથી પ્રારંભ કરાશે. આ ઉપરાંત રાત્રે ૯.૦૦ કલાકે રાસ ગરબા યોજાશે.

● આમ આદમી પાર્ટીના કાર્યકરો દ્વારા પક્ષીઓનો પાંજરામાંથી મુકત કરી ભાજપ સરકારનો વિરોધ દર્શાવતો કાર્યક્રમ યોજશે.

- નજાહખાનમ સૈયદ

## સહયોગ મંડળની વડીલોને સહાય

ગાંધીનગર, તા.૧૫

તાજેતરમાં સહયોગ મંડળ દ્વારા શહેરના વૃધ્ધાશ્રમોની તેમજ સેકટર-૧ ૩ના બાળ સંરક્ષણ કેન્દ્રની મુલાકાત લેવામાં આવી હતી. આ મુલાકાત દરમિયાન સંસ્થાએ વિવિધ વસ્તુનું વિતરણ કરી સેવાકાર્ય કર્યુંહતું. મગોડી ખાતે આવેલ રાહેલ બા વૃધ્ધાશ્રમ, આમ્રપાલી, સેકટર-૬નો ક્રિશ્ના વૃધ્ધાશ્રમ વગેરે વૃધ્ધાશ્રમોની મુલાકાત લઈ ૧૭૦થી વધુ વડીલોને સહયોગ મંડળ દ્વારા કડકડતી ઠંડીમાં પગમાં સહારો મળે તે માટે પગના મોજા તથા પૌષ્ટિક આહાર માટે ખજૂરનું વિતરણ કરાયું હતું. આ ઉપરાંત સહયોગ મંડળ સિવિલ હોસ્પિટલના ગરીબ દર્દીને દવા લેવા માટે પણ મદદરૂપ નીવડે છે. મંડળ દ્વારા શ્વાસના દર્દીઓને શ્વાસ લેવા માટેના પંપ તથા ગરીબોને ચશ્માનું પણ વિતરણ કરાયું હતું. તેમજ ઉનાળાની સિઝનમાં સિવિલ હોસ્પિટલ ખાતે ખુલ્લા પગે આવતા ગરીબ વર્ગને પગરખાઓનું વિતરણ કરી મદદરૂપ બન્યા હતા. સહયોગ મંડળ અવારનવાર સેવાકીય પ્રવૃત્તિઓ હાથ ધરી ભગીરથ કાર્ય કરતું રહે છે. આ સેવા પ્રવૃત્તિના કાર્યમાં મંડળના પ્રમુખ ભગુભાઈ પટેલ, ડી.એમ. પરમાર, ડી.જી. રાજપૂત, આર.કે. સુથાર, રમેશચંદ્ર ત્રિવેદી હાજર રહ્યા હતા.

## દશનામ ગોસ્વામી સમાજના સ્નેહમિલન સમારોહનું આયોજન

ગાંધીનગર, તા.૧૫

દશનામ ગોસ્વામી સમાજ દ્વારા આગામી તા. ૧૬મી જાન્યુઆરીના રોજ સેકટર-૧૭, ટાઉનહોલ ખાતે સ્નેહમિલન અને ઈનામ વિતરણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમમાં સમાજના તેજસ્વી તારલાઓ તેમજ નિવૃત્ત કર્મચારીઓને સન્માનવામાં આવશે. ઈનામ વિતરણ કાર્યક્રમમાં ભાગ લેવા ઈચ્છતા સમાજના વિદ્યાર્થીઓએ માર્કશીટ અને નિવૃત્ત કર્મચારીઓએ પોતાની વિગતો તા. ૩૦ ડિસેમ્બર સુધીમાં સમાજના સભ્યોને મોકલવાની રહેશે. આ કાર્યક્રમમાં સમાજના જ્ઞાતિબંધુઓને ઉપસ્થિત રહેવા સમાજના મંત્રી નરેશપુરી ગોસ્વામીએ જણાવ્યું છે.

## ચાલીસ વર્ષથી ફરજ બજાવતા કામદારોના હક્ક પર તરાપ

### માર્ગ અને મકાન વિભાગ દ્વારા લાખ્ખો કામદારોના વર્કચાર્જ તથા કાયમી થવાના હક્ક પર રોક લગાવાઈ

ગુજરાત રાજયના માર્ગ અને મકાન વિભાગમાં છેલ્લા ૪૦ વર્ષથી ફરજ બજાવતા કામદારોના કાયમી હક્ક પર તંત્રએ તરાપ મારી છે. રાજય સરકારના વિવિધ વિભાગોમાં કામ કરતા લાખો કામદારોના વર્કચાર્જ તેમજ કાયમીના હક્ક મેળવવા પર રોક લગાવી છે. માર્ગ મકાન વિભાગના તંત્ર દ્વારા તાજેતરમાં ઠરાવ કરી મનસ્વી નિર્ણય લઈ વર્કચાર્જ કામદારોનો હળાહળ અન્યાય કર્યો છે. માર્ગ મકાન વિભાગના આ નિર્ણયનો ગુજરાત રાજય જાહેર બાંધકામ મજૂર મંડળ દ્વારા વિરોધ કરવામાં આવ્યો છે. ગુજરાત રાજય જાહેર બાંધકામ મજૂર મંડળના મહામંત્રી રામાજી ચૌહાણ જણાવે છે કે ૪૦ વર્ષથી સરકારના વિવિધ વિભાગોમાં ફરજ બજાવતા કર્મચારીઓના હિતને ધ્યાને લીધા વિના માર્ગ મકાન વિભાગ તા. ૧૬-૧૧-૧૫ ના રોજ ઠરાવ કરી લાખો કામદારોના વર્કચાર્જ તથા કાયમી ઓર્ડરના હક્ક પર તંત્રએ રોક લગાવી હળાહળ અન્યાય કર્યો છે. માર્ગ મકાન વિભાગે તા. ૧૭-૧૦-૧૫ની બેઠકમાં જાહેર બાંધકામ મજૂર મંડળ તેમજ ગુજરાત કર્મચારી મહામંડળને વિશ્વાસમાં લીધા વિના ટુ પાર્ટ એગ્રીમેન્ટનો ભંગ કરી તા. ૧૬-૧૦-૧૫ના રોજ ઠરાવ કર્યો છે. આ ઠરાવનો ગુ.રા.બાં.મ.મંડળ દ્વારા વિરોધ કરવામાં આવ્યો છે.

## ઊર્જા સંરક્ષણ દિન નિમિત્તે પ્રદર્શન યોજાયું

### સે-૨ ૩માં નિસર્ગ સાયન્સ સેન્ટર ખાતે ઉર્જાદક્ષ સાધનોનું પ્રદર્શન યોજાયું : ઊર્જાના બેફામ વપરાશથી થતા ગેરફાયદા તથા વૈકલ્પિક ઊર્જા અંગે માહિતી આપવામાં આવી

ગાંધીનગર, તા.૧૫

ગાંધીનગરના નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા તા. ૧૪મી ડિસેમ્બરે ઊર્જા સંરક્ષણ દિન નિમિત્તે ઊર્જા દક્ષ સાધનોનું પ્રદર્શન યોજવામાં આવ્યું હતું. આ પ્રદર્શન દ્વારા નાગરિકોમાં ઊર્જા બચાવવા અંગે જાગૃતિ આવે તે હેતુથી ઊર્જા દક્ષ સાધનોના નિર્દેશન દ્વારા સંદેશ પાઠવવામાં આવ્યો હતો.

સમગ્ર ભારતમાં તા. ૧૪મી ડિસેમ્બરને ઊર્જા સંરક્ષણ દિવસ તરીકે ઉજવવામાં આવ્યો હતો. ઊર્જાનો બેફામ વપરાશ ગ્લોબલ વોર્મીંગ તથા પર્યાવરણીય ફેરફારો માટે જવાબદાર છે. બદલાતા જતા હવામાન તથા પૃથ્વીના વધતા જતા તાપમાન અંગે સમયસર ચેતીને શકય હોય તેટલો ઊર્જાનો વપરાશ ઓછો કરાય તેમજ વૈકલ્પિક ઊર્જાના માધ્યમોનો બહોળો ઉપયોગ કરાય તે સમયની તાતી જરૂરિયાત છે. ગાંધીનગરના સે-૨ ૩માં આવેલા નિસર્ગ કોમ્યુનિટી સાયન્સ સેન્ટર દ્વારા દર વર્ષે ઊર્જા સંરક્ષણ દિન નિમિત્તે તેની ઉજવણીનું આયોજન કરવામાં આવે છે. આ વર્ષે પણ નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા તા.૧૪મી ડિસેમ્બરે ઊર્જા સંરક્ષણ દિન નિમિત્તે ઉજવણી કરતા ઊર્જા દક્ષ સાધનોનું પ્રદર્શન સાયન્સ સેન્ટર ખાતે યોજવામાં આવ્યું હતું.



પ્રદર્શનમાં સોલાર ઉર્જા આધારિત સાધનો જેવા કે સૂર્ય કૂકર, સોલાર વોટર હીટર, સોલાર ડ્રાયર, સોલાર સ્ટીલ, સોલાર લાઈટ, સોલાર ફેન વગેરે ઉપકરણો ઉપરાંત બાયોગેસ પ્લાન્ટ, પવનચક્કી વગેરે જેવા સાધનો પણ પ્રસ્તુત કરાયા હતા. પ્રદર્શનની મુલાકાતે આવેલા વિદ્યાર્થીઓને સોલાર ઉર્જા આધારિત સાધનોની કાર્યપધ્ધતિ, રચના, સિધ્ધાંત વગેરેની સમજુતિ આપવામાં આવી હતી. આ સાથે સોલાર લાઈટ અને ફેનનો લાઈવ ડેમો પણ દેખાડવામાં આવ્યો હતો અને સોલાર લાઈટથી કેટલી વિજળી બચાવી શકાય તે અંગે માહિતી આપવામાં આવી હતી. આ પ્રદર્શનની મુલાકાતે એકસોથી પણ વધુ વિદ્યાર્થીઓ તેમના વાલીઓ સાથે તથા અન્ય નગરજનો પણ પધાર્યા હતા. આ કાર્યક્રમને સફળ બનાવવામાં નિસર્ગ સાયન્સ સેન્ટરના કો. ઓર્ડીનેટર હાર્દિક મકવાણા તથા શિવાંગ પટેલે ભારે જહેમત ઉઠાવી હતી.

## વાતવાતમાં

● ગાંધીનગરના ડીસ્ટ્રીકટ શોપીંગ સેન્ટરના કાપડના વેપારીઓ દ્વારા દિવાળી સમયે લક્કી ડ્રોની સ્કીમ ઓફર કરી હતી. આ સ્કીમનો લક્કી ડ્રો તા. ૨૧મી ડિસેમ્બર સોમવારે સવારે ૧૦.૩૦ કલાકે ડિસ્ટ્રીકટ શોપીંગ સેન્ટર ખાતે યોજાનાર છે.

● ગુજરાત રાજય શાળા પાઠય પુસ્તક મંડળ દ્વારા તમામ વિદ્યાર્થીઓ માટે 'પરીક્ષા આપો હસતા હસતા' પુસ્તક તૈયાર કરાયું છે. વિદ્યાર્થીઓના માનસમાંથી પરીક્ષાનો 'હાઉ' દુર કરવા આ પુસ્તકનું વિના મુલ્યે વિતરણ કરાશે પરંતુ ખરેખર માત્ર પરીક્ષાલક્ષી બની ગયેલ અભ્યાસ પધ્ધતિ કયારે બદલાશે તે કોઈ નથી જાણતું.

● ગાંધીનગરના ક રોડ પરથી પસાર થતી કપચીની ટ્રકોને તાડપત્રી કે અન્ય કવર ઢાંકેલું ના હોવાથી આ માર્ગે આવતા 'બમ્પ'થી ઉછળીને કપચીના નાના મોટા મજબૂત પત્થરો રોડ પર પડે છે. જે અન્ય વાહનો ખાસ કરીને ટુ વ્હીલર્સ ચાલકો માટે જોખમરૂપ બને છે. આમ પણ અહીંથી પસાર થતી રેતી ઈંટોની ટ્રકો પણ 'પોલીસ દાદા'ની નજર સામે તાડપત્રી વગર જ પસાર થઈ જાય છે ભલે પછી સ્કૂટર બાઈક ચાલકોની આંખોમાં 'રજ' પાડતી જતી હોય.

- સમીર રામી,
મો. ૯૯૨૪૪૪૬૬૪૫

## ફાર્માસીસ્ટ રજીસ્ટ્રેશન રીન્યુ કરાવવા બાબત

ગાંધીનગર, તા.૧૫

ગુજરાત રાજય ફાર્માસીસ કાઉન્સિલ દ્વારા તમામ ફાર્માસીસ્ટ જેઓના રજીસ્ટ્રેશનની રીન્યુઅલની મુદત ૩૧ ડીસેમ્બર ૨૦૧૫ના રોજ સમાપ્ત થતી હોવાથી અરજદારોએ રજીસ્ટ્રેશન રીન્યુ કરાવવા માટે નિયત ફોર્મ સાથે રીન્યુઅલ ફી ગુજરાત રાજય ફાર્મસી કાઉન્સિલને તારીખ ૩૧ માર્ચ ૨૦૧૬ સુધીમાં મળી જાય તે રીતે મોકલવાની રહેશે. આ તારીખ પછી આવેલ ફીના આધારે કોઈ પણ ફાર્માસીસ્ટનું રજીટ્રેશન રીન્યુ થઈ શકશે નહી. જેઓનું રજસ્ટ્રેશન આ પ્રમાણે રદ થાય તેઓએ નિયમોનુસાર રી-એન્ટ્રી કરાવવાની રહેશે. રીન્યુઅલ માટે નિયત ફોર્મ અને ફી સને ૨૦૧૫ સુધીની રીન્યુઅલ રસીદ સાથે તારીખ ૧લી જાન્યુઆરીથી ૩૧ માર્ચ ૨૦૧૬ સુધી સોમવારથી શુક્રવારના રોજ સવારે ૧૧.૦૦થી ૧.૩૦ સુધી સ્વિકારવામાં આવશે. આ અંગેની નોંધ લેવા અમદાવાદના ગુજરાત રાજય ફાર્મસી કાઉન્સિલના રજીસ્ટ્રારે જણાવ્યું છે.

## જુના સચિવાલયમાંથી કોમ્પ્યુટર ચોરીની ફરીયાદો યથાવત

### અલ્પ સંખ્યક નાણા વિકાસ નિગમ તથા મનોરંજન અને કર કમિશનરની કચેરીમાંથી મોનીટર ચોરાયા

ગાંધીનગર, તા.૧૫

શહેરના સેકટર-૧૦ ખાતે સ્થિત જુના સચિવાલયમાં કોમ્પ્યુટર ચોરીના બનાવોમાં નોંધપાત્ર વધારો થયો છે. દર પંદરેક દિવસે જુના સચિવાલયમાંથી કોમ્પ્યુટર કે કોમ્પ્યુટરના સામાનની ચોરી અંગે ફરીયાદ થાય છે. સિકયુરીટી ગાર્ડથી સજજ જુના સચિવાલયમાં થતી ચોરીઓ અંગે માત્ર ગુના જ દાખલ થાય છે પરંતુ હજુ સુધી કોઈ પકડાયું નથી. જુના સચિવાલયની વધુ બે કચેરીઓમાંથી મોનીટર ચોરાયા હોવાની ફરીયાદ નોંધાવા પામી છે.

જુના સચિવાલયના બ્લોક નં. ૯ ખાતે પ્રથમ માળમાં સ્થિત મનોરંજન અને કર કમિશનર ની કચેરીમાંથી નાયબ કમિશનરની ચેમ્બરમાંથી શનિ-રવિવારની રજાઓ દરમિયાન મોનીટરની ઉઠાંતરી થઈ જવા પામી છે. સંશોધન અધકારી શૈલેષભાઈ મોહનભાઈ વાળંદની ફરીયાદને આધારે મોનીટર ચોરી અંગે પોલીસે ગુનો દાખલ કરી ઉંડી તપાસ શરુ કરી છે તો બીજી તરફ જુના સચિવાલયમાં જ સ્થિત ગુજરાત અલ્પ સંખ્યક નાણા વિકાસ નિગમની કચેરીમાં પણ ચોરી થઈ હોવાનું ધ્યાને આવ્યું છે. આ કચેરીમાંથી એક મોનીટર ચોરી કરી કોઈ શખ્સ ફરાર થઈ ગયો છે. નોંધનીય બાબત છે કે કોમ્પ્યુટર તથા તેના પાર્ટસની ચોરી અંગે જુના સચિવાલયમાંથી અગાઉ પણ ઘણી ફરીયાદો બહાર આવી હતી. કોઈ જાણભેદુ શખ્સ હોવાની પોલીસને પુરી શંકા છે. પરંતુ હજુ સુધી કોઈ શખ્સ પકડાયું નથી પોલીસે ચોરીનો ગુનો દાખલ કરીને ગુનાની તપાસ શરુ કરી છે.

## આજે ગાંધીનગરના પાલજમાં નેશનલ ઈન્સ્ટીટયુટ ઓફ ફાર્માસ્યુટીકલ એજયુકેશન એન્ડ રીસર્ચ-નાઈપરનું ભૂમિપૂજન

ગાંધીનગર, તા.૧૫

મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલ આવતીકાલ બુધવાર તા. ૧૬ ડિસેમ્બરે સવારે ૧૦.૩૦ કલાકે ગાંધીનગરના પાલજ ખાતે નાઈપરના ભૂમિપૂજન વિધિમાં વિશેષ ઉપસ્થિત રહેશે.

આ નેશનલ ઈન્સ્ટીટયુટ ઓફ ફાર્માસ્યુટીકલ એજયુકેશન એન્ડ રીસર્ચનું ભૂમિપૂજન કેન્દ્રીય રસાયણ ખાતર મંત્રી શ્રી અનંથકુમારના હસ્તે સંપન્ન થવાનું છે. રાજય મંત્રીશ્રી હંસરાજ આહિર પણ આ વેળાએ ઉપસ્થિત રહેશે.

## ગાંધીનગરમાં 'સાંપ્રત સમસ્યાઓ અને પ્રવાહો' વિષયે સેમિનાર

### અજય ઉમટ, જય વસાવડા તથા સંજય છેલ વિવિધ મુદ્દે પ્રવચન આપશે

ગાંધીનગર, તા.૧૫

ગાંધીનગરના સે-૧૭માં ટાઉનહોલ ખાતે તા. ૨૧મી ડિસેમ્બરે 'સાંપ્રત સમસ્યાઓ અને પ્રવાહો' વિષયે એક સેમિનારનું આયોજન કરાયું છે જેમાં અજય ઉમટ, જય વસાવડા તથા સંજય છેલ જેવા પ્રતિભાશાળી વકતાઓ પ્રવચન આપશે. ગુજરાત દૈનિક અખબાર સંઘ ટ્રસ્ટ દ્વારા આયોજિત આ સેમિનાર સાંજે ૪.૩૦ કલાકે યોજાશે.

ગુજરાત દૈનિક અખબાર સંઘ ટ્રસ્ટ દ્વારા આયોજિત સેમિનારમાં ત્રણ તજજ્ઞોની પેનલ વિવિધ વિષયે પ્રવચન આપનાર છે. જેમાં નવ ગુજરાત સમયના તંત્રી અજય ઉમટ 'ઈન્ડિયા ૨૦૨૦' વિષયે, ગુજરાત સમાચારના લોકપ્રિય કોલમિસ્ટ જય વસાવડા 'ઈન્ટરનેટ અટકે ત્યારે?' વિષયે અને નવ ગુજરાત સમયના કોલમિસ્ટ સંજય છેલ 'અસહિષ્ણુતા અને આપણે' વિષયે પ્રવચન આપશે. આ સેમિનારમાં અધ્યક્ષ તરીકે ગુજરાત દૈનિક અખબાર સંઘ ટ્રસ્ટના પ્રમુખ પ્રવીણ ક. લહેરી ઉપસ્થિત રહેશે. આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહી વકતાઓના પ્રવચનનો લાભ લેવા અખબાર સંઘ ટ્રસ્ટ દ્વારા નિમંત્રણ પાઠવવામાં આવ્યા છે.

## શહેરમાં ઠંડીએ નગરજનોને ઝંઝોડી નાખ્યા

### ઠંડી સામે રક્ષણ આપતી હાથવગી ચીજવસ્તુઓ માટે તડાપડી, ગરમાગરમ ખાદ્ય પદાર્થોના ચલણમાં ઉછાળો

ગાંધીનગર, તા.૧૫

શિયાળાની શરૂઆત થયા પછી ઠંડીએ પોતાનું અસલ સ્વરૂપ ધારણ કર્યું નહોતું. દિવાળીએ ભારે ઠંડી અનુભવાતી હોવા છતાં ચાલુ સાલે ઠંડી ગરમીનું મિશ્ર વલણ વર્તાતું હતું. પરંતુ છેલ્લા ત્રણ દિવસથી પાટનગર અને રાજયમાં અચાનક જ ત્રાટકેલી ઠંડીએ લોકોને રીતસર ઝંઝોડી નાખ્યા છે. ઉંઘમાં જ ઠંડીએ સપડી લીધા હોય તેમ ઠંડીના તીવ્ર લીસોટાથી લોકો રક્ષણ મેળવવા હાથવગી ચીજવસ્તુઓ માટે તડાપડી કરવા લાગ્યા છે. જેમાં વળી શરીરને પણ ગરમાવો પ્રાપ્ત થાય તે હેતુથી ગરમાગરમ ખાદ્ય પદાર્થો આહાર તરીકે લેતા આ પદાર્થોમાં પણ ઉછાળો નોંધાયો છે.



(તસવીર : ધર્મેન્દ્ર મહેતા)

શરદપૂર્ણિમાથી જ શીતળતાનો અહેસાસ શરૂ થઈ જાય છે. પરંતુ દુષિત વાતાવરણ થકી દર વર્ષે દરેક સિઝન થોડી મોડી શરૂ થતી હોવાનું જણાઈ રહ્યું છે. જેમાં શિયાળાની ઋતુ હોવા છતાં પણ લોકો દિવસે ગરમી અને રાત્રે ઠંડી અનુભવતા હતા. મિશ્ર ઋતુના અનુભવ દરમિયાન જ અચાનક શનિવાર સમી સાંજથી જ કડકડતી ઠંડી ત્રાટકી હતી અને લોકો ઉંઘતા જ ઝડપાઈ ગયા હતા. ગાત્રો થીજાવતી ઠંડીએ નગરજનોને ઘરમાં પુરી રાખવા મજબૂર કરી દીધા છે તો બીજી તરફ ઠંડી સામે રક્ષણ મેળવતા સ્વેટર, શાલ તથા અન્ય ગરમ હુંફાળા વસ્ત્રો ફરજીયાત પહેરતાં કરી દીધા છે.

અતિશય ઠંડીમાં ચામડી શુષ્ક બની જતી હોય છે જેથી તેના પોષણ માટે તૈલી પદાર્થોના ઉપયોગ પણ વધારી દેવાયો છે. પોષણયુકત ખાદ્ય પદાર્થો થકી પૂરતાં વીટામીન મળી રહે તે માટે ખાદ્ય પદાર્થોની ચોકકસ પસંદગી થઈ રહી છે. જેમાં બદામ, અખરોટ, કાજુ, ટોપરૂ, કચ્ચરીયું વગેરે મન ભરીને આહાર તરીકે લેવાઈ રહ્યું છે. ગરમાગરમ પદાર્થો આરોગવાનું જ મન થાય તેવી આ ફુલગુલાબી તીવ્ર ઠંડીએ બજારમાં ભજીયા અને અન્ય ફરસાણમાં પણ તેજી લાવી દીધી છે. બીજી તરફ રોગ પ્રતિકારક શકિત ઓછી હોય તેવા લોકોને આ ઠંડીએ ઝપેટમાં લઈ શરદી, તાવ, ખાંસી જેવા રોગોની ભેટ ધરી દીધી છે. કડાકાભેર અચાનક આવેલી ઠંડીએ ચારે બાજુ તીવ્રતા ફેલાવી છે જેથી શિયાળામાં વેચાણ થતી તમામ ચીજવસ્તુઓમાં તેજીનો ચમકારો થયો છે. વળી સુસવાટા મારતાં ઠંડા પવનોથી જનજીવનને વ્યાપક અસર પહોંચી છે. જેમાં વૃધ્ધો, બાળકો અને બિમાર લોકોની સ્થિતિ દયનીય બની છે. દરમિયાન ફુટપાથ અને ઝુંપડપટ્ટીમાં રહેતા લોકો માટે સહાયનો ધોધ પણ વધી ગયો છે. આમ ઠંડીએ સૌને ચુસ્તપૂસ્ત રહેવા મજબૂર કરી દીધા છે.

## માર્ગ અને મકાન વિભાગનો સેમીફાઈનલમાં શાનદાર પ્રવેશ

ગાંધીનગર, તા.૧૫

સેકટર-૨૧ જીમખાના ખાતે આયોજીત આંતર વિભાગીય ક્રિકેટ મેચની કવાર્ટર ફાઈનલમાં માર્ગ મકાન વિભાગનો મહેસુલ વિભાગ સામે ૭ વિકેટે વિજય થયો હતો.

મહેસુલ વિભાગની ટીમ તરફથી પ્રથમ બેટીંગ કરતા ૨૦ ઓવરમાં ૯૬ રન નોંધાવ્યા હતા. જયારે માર્ગ મકાન વિભાગની ટીમના સંજય વંકાણીએ ૧૮ રનમાં ૪ વિકેટ, જયેશ ધ્રુવે ૧૬ અને શૈલેષ પ્રિયદર્શીએ ૧૮ રનમાં ૨ વિકેટ ઝડપી લીધી હતી. માર્ગ મકાન વિભાગની ટીમે બીજી બેટીંગમાં માત્ર ૧૭ ઓવરમાં ૩ વિકેટ ગુમાવી લક્ષ્યાંક હાંસલ કર્યો હતો. માર્ગ મકાન વિભાગના માહરૂફખાન પઠાણે ૫૧ રન, ઈમ્તીયાઝ તીરમીઝીએ ૨૧ રન ફટકાર્યા હતા. આ સાથે જ સતત સાતમા વર્ષે માર્ગ અને મકાન વિભાગે સેમિ ફાઈનલમાં પ્રવેશ મેળવ્યો છે અંતે સંજય વંકાણી મેન ઓફ ધ મેચ જાહેર કરવામાં આવ્યા હતા.

## ચિરવિદાય

- સ્વ. હસમુખલાલ રણછોડદાસ ભટ્ટ, ઉ.વ. ૮૦
- સ્વ. લક્ષ્મીપ્રસાદ, ઉ.વ. ૭૦
- સ્વ. પાર્થ પંકજભાઈ રાજપૂત, ઉ.વ. ૨૪